**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૯ ડીગ્રી
ભેજ
સવારે ૩૫ ટકા ● સાંજે ૧૬ ટકા

# શહેરમાં એક કિલો લીંબુનો ભાવ આસમાને

## લીંબુના ભાવમાં ખટાશ : ૧ માસ પહેલા રૂ. ૬૦ થી ૭૦ રૂ. કિલોનો ભાવ હતો

ગાંધીનગર, તા.૯

શહેરમાં ગરમીનો આરંભ થઈ ચૂકયો છે અને ધીમે ધીમે સૂર્યનો તાપ વધી રહ્યો છે અને રમજાન માસની પણ શરૂઆત થઈ ગઈ છે ત્યારે ગાંધીનગરમાં ઉનાળાની અસર લીંબુના ભાવ પર પડી છે. શહેરમાં સારી ગુણવત્તાવાળા લીંબુ ૨૦૦ રૂપિયાથી ૨૪૦ના ભાવે વેચાઈ રહ્યા છે. વિવિધ ઠંડા પીણામાં લીંબુની જરૂર પડે છે અને મુસ્લિમો રમઝાન માસમાં લીંબુ શરબતનો ઉપયોગ કરે છે ત્યારે જ આ ભાવ વધારાને લીધે સમગ્ર વર્ગને મોંઘવારીના બોજમાં વધારો થયો છે. બે વર્ષ પહેલા સમગ્ર જગ્યાએ જિલ્લામાં વાવાઝોડામાં લીંબુના પાકનું નુકશાન થવાના કારણ પણ ભાવ વધવાનું કારણ છે. લીંબુનો ઉપયોગ દરેક પ્રકારની વસ્તુઓમાં મોટા ભાગે થતો હોય છે. મોટાભાગે લીંબુ સોડા અને



લીંબુ શરબતમાં ઉપયોગ થતો હોય છે. અને રોઝા રાખતા રોઝેદારો તડકામાં પાણીની તરસ ન લાગે તે માટે લીંબુ શરબતનો ઉપયોગ કરી રહ્યા છે. ત્યારે તહેવારોમાં લીંબુની ખટાશ તહેવાર પર આવી ગઈ છે. ઉનાળો શરૂ થતા શરીરને ઠંડક આપતા લીંબુની આવક સામે માંગ વધતા ભાવોમાં વધારો જોવા મળ્યો છે અને બજારમાં જે ૧ માસ પહેલાં ૬૦ થી ૭૦ રૂપિયે કિલો મળતા લીંબુ આજે રૂ.૨૦૦ થી રૂ. ૨૪૦ કિલોના ભાવ બોલાય છે. ઉનાળામાં લીંબુની જરૂર પડે છે માટે શહેરીજનોનું મનપસંદ પીણું લીંબુ શરબત છે. લીંબુ પાણી શરીર માટે ઘણું જ ઉપયોગી છે. લીંબુ પાણીમાં ઘણા પ્રકારના પોષક તત્વો છે જે શરીરને સ્વસ્થ તાજગીભર્યું બનાવી રાખવામાં મદદ કરે છે.

શહેરીજનો ગરમીથી રાહત મેળવવા વિટામીન સીથી ભરપૂર એવા લીંબુનો ઉપયોગ કરે છે. લીંબુ શરબત ઉપરાંત શેરડીના રસમાં પણ લીબુનો સારો એવો ઉપયોગ થાય છે. ગૃહિણીઓ રસોઈમાં લીંબુનો ઉપયોગ કરતી હોય છે. શહેરીજનો ડિહાઈડ્રેશનનો ભોગ ન બને તેના માટે લીંબુનો શરબત પીતી હોય છે. પરંતુ લીંબુના ભાવ આસમાને પહોંચતા આ વખતે લીબુના ભાવમાં પણ ખટાશ વર્તાય છે.



શાળામાં ઉગાડેલો સરગવો ૨૧ જરૂરિયાતમંદ બાળકોને આપવામાં આવ્યો હતો. સાથે દરેક શિક્ષકે સરગવાના ફાયદા પણ વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા.

## આજે પંચદેવ મંદિર ખાતે ભવ્ય દીપોત્સવ

ગાંધીનગર, તા.૯

રામનવમી નિમિત્તે પંચદેવ મંદિર ખાતે ૨૧૦૦૦ દિવાનો દીપોત્સવ યોજાશે. તથા દિવ્ય જીવનાસંધ્યા-લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે જે સાંજે ૭.૦૦ કલાકે પંચદેવ મંદિર ખાતે યોજાનાર છે. જેમાં વિષ્ણુ પનારા, ગોપાલ બારોટ, વિક્રમ માલધારી, ભાવના રાણા સહિત કલાકારો ઉપસ્થિત રહેશે. સર્વે ભાવિ ભકતોને રામનવમી નિમિત્તે આ કાર્યક્રમમાં પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૯

માનસ યોગ સેવા ટ્રસ્ટ તથા શ્રી સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨ના સહયોગથી લક્ષ્ય આરોગ્યમ નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે સવારે ૬થી ૮ કલાકે તારીખ ૯ થી ૧૧ સુધી યોજાશે. આ અંગે વધુ માહિતી માટે ૮૩૨૦૩૬૯૪૭૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. ઝાપડીયા રમેશભાઈ જાદવભાઈ,** ઉ.વ. ૪૦, જીઈબી છાપરાં
- **સ્વ. પટેલ શારદાબેન મફતલાલ,** ઉ.વ. ૫૭, સેકટર-૫
- **સ્વ. પટેલ ડાહ્યાભાઈ મણીલાલ,** ઉ.વ. ૭૫, સેકટર-૮
- **સ્વ. ઠાકોર કચરાજી મોહનજી,** ઉ.વ. ૭૫, પ્રતાપનગર, માણસા
- **સ્વ. ઠાકોર રેશમબેન કુંવરજી,** ચાંદીસણા, માણસા
- **સ્વ. ઠાકર ઈન્દીરાબેન શરદચંદ્ર,** ઉ.વ. ૮૪, સેકટર-૨૪
- **સ્વ. પરમાર શંકરભાઈ સોમાભાઈ,** ઉ.વ. ૫૭, ડભોડા
- **સ્વ. ઠાકોર બાલુબેન ગોકાજી,** ઉ.વ. ૮૦, લેકાવાડા

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. ઘોષ અશોકકુમાર જીતેન્દ્ર,** ઉ.વ. ૭૬, વાવોલ

## ચૈત્ર નવરાત્રીના દિવસોમાં પાલજ ખાતે દેવી ભાગવત કથા મહોત્સવ

ગાંધીનગર, તા.૯

ચૈત્ર માસના પવિત્ર દિવસોમાં માંની ભકિતનો અવસર, રામનવમીથી હનુમાન જયંતિ સુધી નવ દિવસીય દેવી ભાગવત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૧૦ થી ૧૮ સુધી દરરોજ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ સુધી મા મહાકાળી મંદિરે, પાલજ ગામે વિનોદભાઈ પ્રવિણભાઈ રાવલ પરિવારનાં મનોરથથી આ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વ્યાસ ગાદી પર ગોસ્વામી સંજયભારતી બાપુ બિરાજમાન થઈ કથાનું વાંચન કરશે. આ દિવ્ય કથા શ્રવણ કરવા સૌને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

## રામનવમી નિમિત્તે સેકટર-૨૧માં સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૯

મર્યાદા પુરુષોતતમ ભગવાનશ્રી રામચંદ્રના પાવનપવિત્ર જન્મોત્સવ નિમિત્તે રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાડ સંગીતમય પાઠનું ગોસ્વામી દિલીપગુરુની વ્યાસપીઠે રાત્રે ૮.૪૫ કલાકે પ્લોટ નં. ૮૦૪ હિરકમલ ફલેટ પરિવાર દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સર્વે ભાવિ ભકતોને પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે સંસ્કાર ગ્રુપ દ્વારા રામનવમી ઉજવાશે

ગાંધીનગર, તા.૯

સંસ્કાર ગ્રુપ દ્વારા રામનવમી નિમિત્તે સે-૭, બગીચા ખાતે સવારે ૯.૩૦થી ૧૦.૧૫ સુધી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તથા નાના બાળકોને ગરમીથી બચવા ટોપી વિતરણ કરવામાં આવશે. પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવવા પેનો આપવામાં આવશે.



૪૩ ડિગ્રી ની અંગ દઝાડતી કાળઝાળ ગરમીમાં ભરબપોરે એક વાગ્યે સેક્ટર-૨૧ની શાક માર્કેટ પાસેની સ્ટ્રીટલાઈટ ચાલુ છે. એક તરફ ખેડૂતો ને વીજળી નથી મળી રહી અને અહીંયા ભર બપોરે સ્ટ્રીટ લાઈટ ચાલુ રાખવામાં આવે છે.

## સરકારી વિનયન કોલેજની એનસીસીની વિદ્યાર્થીની બેસ્ટ કેડેટમાં વિજેતા

તાજેતરમાં સરકારી વિનયન કોલેજ ગાંધીનગરના એન.સી.સી. ગર્લ્સ યુનિટની સિનિયર અન્ડર ઓફિસર નિશીથાબા પ્રભાતસિંહ પરમારના નામની એન.સી.સી. ગ્રુપ હેડ ક્વાટર અમદાવાદના 'બેસ્ટ કેડેટ'ની યાદી અંતર્ગત ઘોષણા કરવામાં આવી હતી. એન.સી.સી. ડિરેક્ટરેટ ગુજરાત દ્વારા તેમને આ માટે રોકડ ઈનામ પણ પ્રાપ્ત થયું હતું. આ તકે એસ.યુ.ઓ. નિશીથાબા પરમારને કોલેજના આચાર્ય ડૉ. અનુપા ચૌહાણ, એન.સી.સી. ઓફિસર લેફટનન્ટ ડૉ. માધવી ઉપાધ્યાય તથા સમગ્ર કોલેજ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.





સેક્ટર-૨ના બગીચામાં પૂર્વ કોર્પોરેટર દ્વારા વોટર કુલર અર્પણ કરવામાં આવેલું હતું પરંતુ છેલ્લા ઘણા વખતથી વોટર કુલર ચાલુ થઈ શકેલ ન હતું. સેક્ટર-૨ બગીચા મંડળ ના સીનીયર સીટીઝનોના અગ્રણી પ્રમોદભાઈ દવે (દવે કાકા ) અને તેમની ટીમ દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી અને સેક્ટર-૨ ના બગીચામાં શ્રીફળ વધેરી વોટર કુલરને ચાલુ કરવામાં આવતા, આવા ઉનાળાના આકરા દિવસોમાં ઠંડુ પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યમાં સાથ સહકાર આપેલ તમામ મિત્રોનો આ તબક્કે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્મસી ખાતે કેરિયર કાઉન્સીલીંગ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૯

ફાર્મસી ડીપાર્ટમેન્ટમાં કેરિયર કાઉન્સીલીંગનો પ્રોગ્રામ શ્રીજી એજયુકેશન અમદાવાદ દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં શ્રીજી એજયુકેશન તરફથી વિદ્યાર્થીઓને જુદા જુદા દેશોમાં કેવી રીતે વિઝા માટે એપ્લાય કરવું, કઈ કઈ લાઈનમાં આગળ અભ્યાસની તકો રહેલ છે તે બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રોગ્રામમાં કોલેજના લગભગ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સંસ્થાના વડા ડૉ. ધર્મેશભાઈ તથા પ્રોફેસર ડૉ.વિક્રમ પંડયાએ આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## શહેરના મહિલા પ્રોફેસરની નેધરલેન્ડની એનજીઓ સંસ્થા દ્વારા બાઈસીકલ મેયર તરીકે નિયુક્તિ

ગાંધીનગર, તા.૯

ઘણા વર્ષોથી સાઈકલ ચલાવી લોકોને પ્રેરિત કરતા અનુભવી સાયકલિસ્ટ અને અલ્ટ્રા રનર ડૉ. જિજ્ઞાસા ત્રિકમલાલ ઢુંમરને એમ્સ્ટરડેમ, નેધરલેન્ડની એનજીઓ- બાઈસીકલ મેયર નેટવર્ક ઓર્ગેનાઈઝેશન **(BYCS)** એ ગાંધીનગર શહેર ના બાઈસીકલ મેયર તરીકે નિયુક્ત કર્યા છે. **BYCS** એ દુનિયાભરના ૧૨૦ થી વધુ શહેરોમાં બાઈસીકલ મેયર નિયુક્ત કર્યા છે, જેમાં દેશના ઘણા મોટા શહેરો પણ શામેલ છે. **BYCS** નું લક્ષ્ય વર્ષ ૨૦૫૦ સુધીમાં સામાન્ય વાહન વ્યવ્હાર સાઈકલ પર શિફ્ટ કરવાનું છે. ડૉ. ઢુંમરનાં જણાવ્યા મુજબ તેમનો ઉદ્દેશ્ય શાળા -કોલેજ કેમ્પસ,



ખાનગી કોર્પોરેટ ઓફિસો અને સરકારી ઓફિસોમાં સાયકલ દ્વારા મુસાફરીને પ્રોત્સાહિત કરવા ની સાથે રાજયનાં હરીયાળા પાટનગર ગાંધીનગરને સાઈકલનાં માધ્યમથી પ્રદૂષણ મુક્ત કરી સ્વસ્થ શહેરના નિર્માણ કરવાનો છે.

૪૨ વર્ષીય ડૉ. જિજ્ઞાસા ઢુંમર શહેરની નામાંકિત સરકારી વિજ્ઞાન કોલેજ (સેક્ટર- ૧૫) માં માઈક્રોબાયોલોજી વિષયના પ્રોફેસર તરીકે કાર્યરત છે. તેઓએ અત્યાર સુધીમાં લાંબા અંતરની આંતરરાષ્ટ્રીય કક્ષાની સાયકલિંગ ઈવેન્ટસમાં ભાગ લીધો છે, જેમાં ૧૫૦ થી ૨૦૦ કિલોમીટર સુધીના અંતર શામેલ છે. અમદાવાદ ડીસ્ટન્સ રનર્સ ગ્રુપના ગાંધીનગર પ્રકરણ સાથે જોડાયેલા ડૉ. ઢુંમર શહેરમાં મહિલા ઓને સાયકલીંગ કરવા પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ સાથે સાયકલ સેફ્ટી પર કામ કરવા માંગે છે.

# શહેરમાં નાના બાળકો પાસે કરાવાતી બાળમજૂરી

## સ્કૂલમાં જવાના દિવસોમાં નાના બાળકોને આ રીતે બાળમજૂરી કરાવીને તેમનું ભણતર છીનવવામાં આવી રહ્યું છે

ગાંધીનગર, તા.૯

બાળ મજૂર એ શબ્દ સાંભળતા જ આઘાતની લાગણી અનુભવાય છે. ત્યારે આ નાના બાળકો સ્કૂલ જવાની ઉમરે પાણી માટે વલખાં કરતા જોવા મળી રહ્યા છે. આ બાળકો સાથે બાળ મજૂરી કરાવવામાં આવી રહી છે. ત્યારે અત્યંત દરીદ્રતાથી પીડાતા, ગરીબીરેખાથી નીચે જીવતા ઘણા પરીવારોના બાળકો પ્રાથમિક શાળામાંથી જ પોતાનો અભ્યાસ છોડી ચાની રેકડી પર, રેસ્ટોરન્ટમાં, કારખાનામાં મજૂરી કરે છે. જેને આવતી કાલનો નાગરીક ગણવામાં આવે છે. તે બાળક જયારે મજૂરીએ જાય ત્યારે ગાળો સાંભળવી પડે છે, રમવાની ઉંમરે ગુલામી કરવી પડે છે, હડધૂત થવું પડે છે, માનસિક તથા શારીરીક અત્યાચારનો ભોગ બનવું પડે છે. તેનું વારંવાર શોષણ થાય છે. આજે કેટલાય બાળકોનું બાળપણ શાળાઓને બદલે ફટાકડાનાં કારખાનામાં, જરીકામ, બીડીવણાટ, સોનીકામ, પથ્થરની ખાણોમાં, કાચઉદ્યોગ તથા અન્ય સ્થળે મુરઝાઈ રહ્યું છે. અસહ્ય ભાવવધારો, મોંઘવારી તથા ફુગાવાના વધતા જતા પ્રમાણમાં કુટુંબની ઓછી આવક તથા બાળકોની સંખ્યા વધુ હોવાની સ્થિતિમાં પાંચ - સાત વ્યકિતઓના પરીવાર એક જ વ્યકિતની આવક ઉપર નભી શકતો નથી. તેથી ગરીબ માતા - પિતા પોતાના બાળકોને ઓછી મજૂરીએ પણ કામમાં લગાવી દે છે. આ સ્થિતિમાં બાળમજૂરીનો આપોઆપ ઉદભવ થાય છે. આમ ગરીબી, બિમારી, અજ્ઞાનતા, મજબૂરી, નિરક્ષરતા વગેરે અનેક પરીબળો બાળમજૂરી માટે જવાબદાર છે.

બાળકોને બાળપણ દરમિયાન રમવા માટેની મોકળાશ અને ભણવા માટેની પૂરતી તક આપવાની જવાબદારી સરકારની તથા સમાજની પણ છે. બાળકના સહજ વિકાસને અટકાવનાર અને શોષણ કરનાર બાળમજૂર પ્રથા કલંક તથા અભિશાપ સમાન છે. જેને નાબૂદ કરવા કાયદા ઉપરાંત સમાજના સહકાર તથા લોકજાગૃતિની તાતી જરૂર છે. ભણવા - રમવાની ઉંમરે બાળક મજૂરી કરે, અભણ રહી જાય અને પછી તેના બાળકની હાલત પણ તેના જેવી જ થાય. આ બાળમજૂર ભવિષ્યમાં અભણ મતદાર તથા નિષ્ક્રીય - અજાગૃત નાગરીક બને. પરીણામે કુટુંબ, ગામ, સમાજ તથા દેશ બરબાદ થાય. વળી બાળમજૂરીને કારણે બાળકને નિશાળની તક ન મળે. પતંગ ચગાવવાની વયે તે પતંગ બનાવતો હોય છે. ફટાકડા ફોડવાની વયે તે ફટાકડા બનાવતો હોય છે. આમ સતત શોષણ, તણાવ અને હાડમારીમાં જીવતો બાળક દુઃખ ભૂલવા ખોટા માર્ગે ચડી વ્યસનોનો શિકાર થઈને ગુનાખોરી તરફ પણ ધકેલાઈ જાય છે.

વાસ્તવમાં દરેક બાળકને કોઈપણ પ્રકારના ભેદભાવ વિના ઉતમ બાળપણ મળવું જોઈએ તેવી ભારતના બંધારણમાં જોગવાઈ છે. ભારત સહિત દુનિયાના બધા જ દેશોએ સંયુકત રાષ્ટ્રસંઘના બાળ અધિકારના ઘોષણાપત્રનો સ્વીકાર કરેલો છે. બાળમજૂર પ્રતિબંધ અને નિયમન ધારા ૧૯૮૬ હેઠળ જેમણે ૧૪ વર્ષની ઉંમર પૂરી કરી ન હોય અને કામમાં રોકાયેલા હોય તેવા બધા જ બાળકો બાળ મજૂર કહેવાય. બાળમજૂરી એ એક ગંભીર ગુનો છે, જેમાં બાળકને કામે રાખનાર માલિક ગુનેગાર ગણાય છે. સુપ્રિમ કોર્ટે બાળમજૂરી કરાવનાર માલિકોને કડક સજા અને દંડ કરવાનો આદેશ આપ્યો છે. તેમજ બાળમજૂરીમાંથી મુકત થનાર બાળકના કુટુંબને રોજગારીની સગવડ કરી આપવાની સૂચના સરકારને આપી છે. દરેક બાળકને ભણવાનો મૂળભૂત અધિકાર છે. તેવી જોગવાઈ ૨૧ (અ) લોકસભામાં મંજૂર થયેલ છે. ગુજરાત ફરજીયાત પ્રાથમિક શિક્ષણ કાયદો ૧૯૬૧ માં પણ આવી જ જોગવાઈ છે.

(બાળમજૂરી નીચેના કાયદાઓ હેઠળ પ્રતિબંધિત છે)

(૧) બાળમજૂર પ્રતિબંધ અને નિયમન ધારા ૧૯૮૬

(૨) કારખાના અધિનિયમ ૧૯૪૮ની કલમ ૬૭

(૩) મોટર ટ્રાન્સપોર્ટ કામદાર અધિનિયમ, ૧૯૬૧ ની કલમ - ૨૧

(૪) બીડી અને સિગાર કામદાર (રોજગારી શરતો) અધિનિયમ, ૧૯૬૬ ની કલમ - ૨૪

(૫) ઈન્ડિયન પીનલ કોડની કલમો ૩૭૦ અને ૩૭૪ અન્વયે

(૬) જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૦૦ ની કલમ - ૨૩, ૨૪ અને ૨૬

વિશેષમાં સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નંબર ૪૬૫/૮૬માં આપવામાં આવેલ ચુકાદા અન્વયે દરેક જીલ્લા કલેકટરના અધ્યક્ષપણા હેઠળ 'બાળમજૂર પુનર્વસન અને કલ્યાણ નિધિ' ની રચના કરવામાં આવેલ છે. ઉપરોકત ચુકાદા પ્રમાણે જોખમી ધંધાઓમાં બાળમજૂરને કામે રાખવામાં આવેલ હોય તો જે તે ઉદ્યોગ ધંધાના માલિક પાસેથી પ્રત્યેક બાળમજૂર દીઠ રૂ. ૨૦૦૦૦ વસૂલ કરી ઉકત બાળમજૂર પુનર્વસન અને કલ્યાણ નિધિમાં જમા કરાવવાના રહે છે.



### બાળમજૂરી નાબુદ કરવા આપણે આટલું તો કરીએ જ

**(૧) કોઈ બાળક નિશાળ બહાર માલૂમ પડે તો તેના માતા-પિતાનો સંપર્ક કરીને પ્રાથમિક શિક્ષણની યોજનાઓનો લાભ લઈ બાળક ફરીથી ભણતો થાય તેની કાળજી લઈએ (૨) બાળક પાસે મજૂરી કરાવવામાં આવતી માલૂમ પડે તો સંબંધિત અધિકારીને તેની જાણ કરી કાયદાકીય પગલા લેવડાવીએ. (૩) જ્યા બાળમજૂર કામ કરતો હોય ત્યાં ગ્રાહક ન બનીએ, બાળકોની સેવા તથા બાળકોએ બનાવેલી વસ્તુઓનો બહિષ્કાર કરીએ જેથી બાળમજૂરી કરાવનાર માલિકને આર્થિક નુકશાન થશે પરીણામે પુખ્ત વયની વ્યકિતને કામે રાખવાની ફરજ પડશે. બાળમજૂરી નાબૂદ કરવાનું આ સૌથી સરળ અને યોગ્ય પગલું છે.**

## જન્મદિને વધામણી



**ઉષાબેન ક્રિશ્ચિયન**
મો. ૯૦૯૯૩ ૪૨૪૦૯



**શૈલેન્દ્ર વી. સોલંકી**
પ્રેસ ફોટોગ્રાફર, ગાંધીનગર સમાચાર
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮



**ચીમનભાઈ આર સોલંકી**
મો. ૯૮૨૪૫ ૦૧૭૫૬



**હિતેષ ચાંગલાની**




**પરમહંસ સ્વામી**
સ્વામીનારાયણ ગુરુકુલ સે-૨૩
મો. ૬૩૫૨૬ ૦૧૬૫૦




**રવિરાજસિંહ વાઘેલા**
મો. ૯૭૨૩૬ ૭૨૮૨૬



**અનુષ્કા પ્રકાશભાઈ સોલંકી**



**જમીલ હીરેનભાઈ મહિડા**



**પી.જે. રાઠોડ**
ઉપપ્રમુખ ડેમોક્રેટીક પીપલ્સ એસો. (ગુજ.), ગાંધીનગર
મો. ૯૯૦૯૫ ૪૭૨૧૫



**વાઘેલા ધનરાજસિંહ રાજેન્દ્રસિંહ**